હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૭૩૧, વર્ષ : ૩૨
અંક : ૦૫ માર્ચ-૦૧, ૨૦૧૯

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

"મોહનલાલ પટેલ અમદાવાદથી નવા સાહેબ આવ્યા. તેમની સાથે મોપાંસા, ચેખોવ, ઓ'હેન્રીનું વાર્તાજગત, બ્રાઉનિંગના મોનોલોગ, શરદબાબુ અને ખાંડેકરનું જગત આવ્યું. નખશિખ સજ્જન-'થેન્કસ' અને 'સોરી' બોલતાં એમણે શિખવાડ્યું... પેન્ટ શર્ટ... પહેરનાર સાહેબે લેંઘો ઝભ્ભો અપનાવી લીધો તે આજ સુધી આચારવાન આચાર્ય કોઈ છોકરાને 'તું' ન કહે 'તમે' જ કહે. એમને લખતાં શિખવ્યું. સાહિત્યને પરખવાની આંખ આપી."

- પદ્મશ્રી ભોળાભાઈ પટેલ

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

યુનિવર્સિટીના પ્રધાનકાર્યો પૈકી એક કાર્ય વિદ્યાવિસ્તારનું છે. આ હેતુ પરિપૂર્ણ કરવા યુનિવર્સિટીઓ દ્વારા વિવિધ વ્યાખ્યાનમાળાઓ પ્રયોજાતી હોય છે. આવી જ એક ઉજળી પરંપરાનું નિર્માણ-કડી સર્વ વિદ્યાલય દ્વારા માતબર રકમનું દાન આપી આજ સંસ્થાના આદર્શ શિક્ષક-આચાર્ય અને પાટણના પનોતા પુત્ર શ્રી મોહનભાઈ પટેલના સન્માનમાં "શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા" – હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને અર્પણ કરવામાં આવી છે. કોલેજમાં કામ કરવા કરતાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પાયાનું શિક્ષણ આપવું વધારે જીવંત અને ફળદાયી બનશે એવી ઉદાત્ત ભાવનાને લઈને આચાર્યપદનો સ્વિકાર કર્યો અને નિવૃત્તિ પર્યન્ત સેવાઓ (૧૯૬૧-૧૯૮૪) આપી. આચાર્યની સાથે છાત્રાલયના ગૃહપતિનો ચાર્જ પણ સંભાળ્યો અને વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરના નિર્માતા બન્યા અને શિક્ષકત્વને દિપાવ્યું. શ્રી મોહનભાઈ પટેલ પદ્મશ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી રઘુવીર ચૌધરીની ગુરુશિષ્ય પરંપરાને જોડતી કડી છે. સદર વ્યાખ્યાનમાળા અંતર્ગત પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રોફેસર અવધેશકુમાર સિંહ, ડૉ. શિરીષ પંચાલ, શ્રી રઘુવીર ચૌધરી, ડૉ. ચંદ્રકાન્ત શેઠ, પદ્મશ્રી ભોળાભાઈ પટેલ, પ્રો. ઈન્દ્રનાથ ચૌધુરી, ડૉ. બળવંત જાની, પ્રો. મહાવીરસિંહ ચૌહાણ, પ્રો. વિશ્વનાથપ્રસાદ તિવારી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ જેવા વિદ્વાનોના વક્તવ્યનો લાભ મળ્યો છે.

આ વ્યાખ્યાન શ્રેણીની એક વિરલ ઘટના એ છે કે જે વ્યક્તિના નામ સાથે વ્યાખ્યાનમાળા જોડાયેલી હોય તેઓ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવેલું હોય. વર્ષ ૨૦૧૭માં મોહનભાઈ પટેલ દ્વારા "ટૂંકીવાર્તા : ઘડતર અને સર્જન" વિષયક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આવો! આપણે તેમના સર્જકત્વનું રસપાન કરીએ.

લઘુકથાના સર્જક-પ્રણેતા, નવલકથાકાર, વિવેચન, અનુવાદ, પ્રવાસ વર્ણનો, સંપાદન, ચરિત્રકાર એમ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં ખેડાણ કરી ગુજરાતી ભાષા – સાહિત્યને બળકટ બનાવનાર શ્રી મોહનલાલ પટેલ આજીવન શિક્ષક, કેળવણીકાર અને ગાંધી વિચારધારાથી પ્રભાવિત રહ્યા છે. જેથી તેમના સાહિત્ય સર્જનમાં આ બાબતોની છાંટ જોવા મળે તે સ્વાભાવિક છે. તેમના સર્જનમાં તત્કાલીન સમયના સામાજિક, ભૌગોલિક, રાજકીય, શૈક્ષણિક, સાંસ્કૃતિક વગેરેના પ્રગટતા પરિવેશના કારણે તેમનું સર્જકત્વ સોળે કળાએ ખીલી ઉઠે છે.

પાટણના પતનની હૃદયદ્રાવક ઐતિહાસિક નવલકથા 'અંતિમદીપ' અને 'લાંછન'માં સામાજિક રીતરીવાજો, મહોત્સવો, નાટ્યગૃહો, નૃત્યલીલાઓ, સ્થાપત્ય, નગર રચના, યુધ્ધ, શ્રૃંગાર, સંવાદરચના, સંસ્કૃત ઉધ્ધરણો, પારિભાષિક શબ્દો, સહસ્ત્રલિંગ સરોવરની ભવ્યતા વગેરે અનેકવિધ આયામોનો વિનિયોગ પાટણની ભવ્યતાનાં દર્શન કરાવે છે. 'અંતિમદીપ'માં રાજા કર્ણઘેલો ભાગી છૂટે છે. ત્યારબાદ તેની પત્નિ કૌળારાણી ભાગી છૂટે છે અને અલાઉદ્દીન ખીલજીના માણસોના હાથમાં પકડાઈ જાય છે. રાજમહેલ ઉપર દીપ પ્રગટી રહ્યો છે અને તે જાણે પાટણનો 'અંતિમદીપ' હોય તેમ ભાસે છે. વાચકોને પછી કૌળારાણીનું શું થયું ! તેને છોડાવવાના પ્રયાસો સ્વામી ભક્ત સૈનિકોએ કર્યા તેમાં તેમને સફળતા મળી કે કેમ ? કર્ણ વાઘેલાનું પછી શું થયું ? તે યુધ્ધ કરવા પુનઃસૈન્ય એકઠું કરી હુમલો કરી શક્યો કે કેમ ? વગેરે પ્રશ્નોના ઉત્તરો જાણવાની જીજ્ઞાસા રહે છે. આ જીજ્ઞાસાની પૂર્તિ 'લાંછન' નવલકથામાં થાય છે. સામ્રાજ્યના પતનની સાથે એક સ્ત્રીના સ્ત્રીત્વ ઉપર થતા પ્રહારો અને બળજબરીથી ઉપાડી જઈ અલાઉદ્દીન ખીલજીના અંતઃપુરવાસી બનવાનો પ્રસંગ પીડાકારક બની રહે છે. પુત્રી દેવળબા તેને પણ અલાઉદ્દીન ખીલજીના માણસો બળજબરીથી લઈ જવા આવી રહ્યા છે તેવા સમાચાર મળતાં રાજા તેને બચાવવા પાસેના રાજ્યના સામંતનું પીઠબળ પ્રાપ્ત થાય તે માટે એક સમૃધ્ધ રાજ્યની રાજકુંવરીનું સામાન્ય સામંત સાથે લગ્ન કરાવવાનો નિર્ધાર કરે છે. (જો કે આ વખતે રાજા ભાગેડું અવસ્થામાં હોય છે, પાટણનું પતન થઈ ચૂક્યું હોય છે.) પરંતુ લગ્ન પહેલાં જ અલાઉદ્દીન ખીલજીના માણસો તેને ઉપાડી જાય છે. આમ રાજાનો પ્રયાસ નિષ્ફળ જાય છે. અહીં લેખકનું કરૂણરસનું વર્ણન ભલભલા કઠણ હૃદયના માનવીની આંખમાં આંસુ લાવી દે તેટલું બળકટ છે.

જો કે ધૂમકેતુએ તેમની નવલકથામાં "કૌળારાણી"નું જંગલમાં

મૃત્યુ થઇ જાય તેમ જણાવ્યું છે. કનૈયાલાલ મુનશી, નંદશંકર મહેતા, ધુમકેતુ, પદ્મનાભ વગેરેએ તેમની કૃતિઓમાં કર્ણ વાઘેલાને એક લંપટ રાજવી તરીકે વર્ણવ્યો છે. પરંતુ મોહનભાઇએ કર્ણવાઘેલાને એક પરાક્રમી અને વતનપ્રેમી રાજવી તરીકે આલેખી તેનું ગૌરવ જાળવવાનો પ્રયાસ કર્યો છે. લંપટ હોવાની બાબત એ માત્ર દંતકથા અથવા ભાટ–ચારણી ગાથાઓ પૂરતી મર્યાદિત હોવાનું જણાવી તેનું ખંડન કરતા કેટલા ઐતિહાસિક આધારોને પ્રસ્તાવનામાં જ જણાવી દીધા છે.

ટૂંકીવાર્તાઓમાં લેખકનું સર્જકત્વ ખીલ્યું છે. તેમણે વિશ્વની જગ પ્રસિધ્ધ વાર્તાઓમાં પણ રસ દાખવ્યો અને તેનું રસપાન ગુજરાતી વાચકોને કરાવવા તેના અનુવાદો પણ કર્યા છે. જે પૈકી '૧૫ જગ પ્રસિધ્ધ વાર્તાઓ' – સંપાદન, અનુવાદ નોંધપાત્ર છે. પ્રસ્તુત પુસ્તકમાં અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, ફ્રાન્સ, રશિયા, પોલેન્ડ અને ન્યુઝીલેન્ડના સર્જકોની વિશ્વ પ્રસિધ્ધ થયેલી વાર્તાઓનો અનુવાદ કરવામાં આવ્યો છે. જેના કારણે ગુજરાતી ભાષીને વિશ્વની વાર્તા સૃષ્ટિનો રસાસ્વાદ માણવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. કુલ ૧૫ વાર્તાઓનો સંગ્રહ છે : ૧. આખરી પાઠ, ૨. એક વિચિત્ર ધૂન, ૩. એલેકઝંડર, ૪. ચુંબન, ૫. જિમી વેલેન્ટાઇન, ૬. ઘર, ૭. મઠના માર્ગ તરફ, ૮. અદ્રશ્ય સંગ્રહ, ૯. મા, ૧૦. હત્યારા, ૧૧. છેલ્લો દિવસ, ૧૨. સાપ, ૧૩. જુનિયસ માલલ્ટી, ૧૪. ચાવી, ૧૫. મૂઠી ખજૂર. 'આખરી પાઠ'માં વિદેશી આક્રમણોએ વિજયની સાથે જ પરભાષાનો પ્રવેશ અને માતૃભાષાના ગૌરવ ઉપર કુઠારાઘાત સમાન માતૃભાષામાં અપાતા શિક્ષણનો અંત અને શિક્ષકની મનોવ્યથા આપણને ઘણું બધું સૂચવી જાય છે. સવિશેષત : આપણે ત્યાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી કે અંગ્રેજી હોવું જોઇએ.? તેવા પ્રશ્નો વિશે ચિંતા–ચિંતન થઇ રહ્યું હોય ત્યારે.

મોહનભાઇની અનેક વાર્તાઓ આપણી સંવેદનાને ઝંઝોળે છે. આપણા ચિતમાં વાર્તાના પાત્રો–સંવેદના–દ્રશ્યો ચિત ઉપર કબજો જમાવી લે છે. આ વાર્તાઓનું રસપાન આપણને એ સત્યનું ભાન કરાવે છે કે આજની ભૌતિકવાદી વૃત્તિ ધરાવતી જીવનશૈલીમાં પણ પ્રેમ, લાગણી, સંવેદના, કલા–સાહિત્ય પ્રત્યેનું મમત્વ સાવ મરી પરવાર્યું નથી તે ક્યાંક ધબકી રહ્યું છે. જેનો દિલાસો માત્ર પણ આપણા આંતર મનને સાંત્વના આપે છે. તેનું કારણ કદાચ એ હોઇ શકે કે કદાચ આ વાર્તાઓ કાલ્પનિક છે કે સત્ય આધારિત ઘટનાઓ તેની પળોજણમાં ન પડીએ તો પણ તે તો નિર્વિવાદ પણે સત્ય છે કે તે જીવાતા જીવનનો અભિન્ન હિસ્સો તો છે જ.

ટૂંકી વાર્તાના સર્જન વિવેચન અને અનુવાદ ક્ષેત્રે લેખકનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. 'ટૂંકી વાર્તા મીમાંસા અને આસ્વાદ'માં તેમનું સર્જકત્વ અને વિવેચકત્વ મહોરી ઉઠ્યું છે. 'સાહિત્ય સંકેત' વિષય વૈવિધ્યથી ભરપૂર ૨૧ અભ્યાસનિષ્ઠ અને કૃતિલક્ષી વિવેચન લેખોનો સંગ્રહ ધરાવતું સર્જન છે.

'ટાઇમ કેપ્સ્યુલ (ઇ.સ. ૧૯૨૭ થી ૨૦૧૨) : શ્રી મોહનલાલ પટેલની આત્મકથા' પ્રસ્તુત પુસ્તકનો ઉઘાડ ઐતિહાસિક વિરાસત ધરાવતી નગરી પાટણથી કર્યો છે. જેમાં માદરે વતન પાટણ સાથેના મમત્વપૂર્ણ ઋણાનુબંધની સાથે ઐતિહાસિક ધરોહરને સંશોધકની દષ્ટિએ મૂલવવાનો પ્રયાસ કર્યો છે અને ભાવિ સંશોધન માટે ''૮૪ ચૌટાંવાળું નર સમુદ્ર પાટણ'' દિશા–નિર્દેશ કર્યો છે. સોલંકીકાલીન પાટણ ઉપરાંત ગાયકવાડી શાસન હેઠળના પાટણની ભવ્યતાને પણ લેખક જરાય વિસર્યા નથી. આઝાદીની લડતમાં પણ પાટણે ઝંપલાવ્યું હતું તેને પણ વર્ણવવાનું લેખક ચૂક્યા નથી. જેમાં શાળાના મકાનો સળગાવવાં, પાટણની આયુર્વેદિક કોલેજમાં હડતાલ વગેરેનો સમાવેશ થાય છે. આમ લેખકે આત્મકથામાં સૌપ્રથમ માતૃભુમિના ગૌરવાન્વિત ઉન્નત શિખરોને વાચા આપ્યા બાદ જ પોતાનું બાળપણ, શિક્ષણ, ખેતીવાડી, વગેરેને વિવિધ ઉદાહરણો સહિત વર્ણવ્યાં છે. આમ જોવા જઇએ તો આ માત્ર કોઇ વ્યક્તિનું ચરિત્ર નથી પરંતુ સાંપ્રત સમયનું જનજીવન તેમાં ધબકી રહ્યું છે. જેમાં માટીના ચણેલા ઘર, ઉઘાડી ઇંટોના ઘર, દિવાલો ઉપર છાણાં થાપવા, ડાગળાવાળા ઘરો, પુરૂષોના આંગણામાં મૂકેલા પથરા ઉપરનું સ્નાન, સાપનો ઉપદ્રવ અને ઢોર ચોરીની રંજાડ વગેરે બાબતોને સાહજિક રીતે વણી લીધી છે. આ સાથે ૨૦મી સદીના ખેતીપ્રધાન જીવનની પણ ઝાંખી થાય છે.

માતાની સહૃદયી અને આત્મીયતાથી ભરપૂર વાણી અને ગાંધીવિચાર સરણીથી રંગાયેલા પિતાજીના ચરિત્રને ઉજાગર કરી માતા–પિતા પ્રત્યેના શ્રધ્ધાભાવને આલેખી શાળા જીવન, વડોદરાનું કોલેજ જીવન, કોલેજ જીવનની ધિંગામસ્તી, વૃક્ષોથી આચ્છાદિત ઇન્દિરા એવન્યુ પ્રત્યે ગજબનું આકર્ષણ, મિત્રોના સહવાસે ખૂંદી નાખેલી સંસ્કારનગરી વડોદરાને જીવંત કર્યા છે. આ અરસામાં જ પ્રભુતામાં પગલાં પાડતાં 'લગ્ન અને દામ્પત્ય' પ્રકરણમાં દામ્પત્ય જીવનની મધુરપને અત્રે સમાવી લીધું છે. જેમાં લગ્નપૂર્વે ન જોયેલી કન્યા સાથેના ઘનિષ્ઠ સંબંધની પ્રતીતિ તેના પિયર જવાથી અનુભવાયેલા ખાલીપાએ કરાવી છે.

ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મીટે ન ભેદ
ગુરુ બિન સંશય ના મિટે, જય જય જય ગુરુદેવ

પંક્તિને ચરિતાર્થ કરતાં 'વિદ્યાગુરુઓ' પ્રકરણમાં સર્જક પોતાની શિક્ષણ સાધનામાં મહત્ત્વની ભુમિકા ભજવનાર ગુરુઓ રામલાલ ચુ. મોદી, ઉમાશંકર જોશી, પ્રબોધ પંડિત, રામલાલ દવે વગેરે પ્રત્યે જે આદરભાવ વ્યક્ત કર્યો છે જે આપણને ઘણું બધું શીખવી જાય છે.

શિક્ષકત્વ અને સર્જકત્વ લેખકના રગરગમાં વ્યાપ્ત. આથી સંવેદનાપૂર્ણ વ્યક્તિત્વથી સમૃધ્ધ. આ બધાયની વચ્ચે જો પીડાદાયક હોય તો વહીવટીય મડાગાંઠો, તઘલખી નિર્ણયો, જેમાં લેવાતો શિક્ષણનો ભોગ. આ પીડાની વેદના પણ લેખકે અત્રે ઠાલવી છે. આમ, સમગ્રતયા પુસ્તક શ્રી મોહનલાલ પટેલના વિરાટ વ્યક્તિત્વ વૈભવનાં દર્શન તો કરાવે જ છે પરંતુ સાથે સાથે ઇતિહાસ, સંશોધન, સમાજજીવન મૂલ્યનિષ્ઠ શિક્ષણના પ્રહરીઓનો વિદ્યાર્થીલક્ષી અભિગમ, શિક્ષણ ને અભડાવતા તત્વો અને સાહિત્ય સાધના જેવા અનેકવિધ વિષયોના અભ્યાસમાં મદદરૂપ થાય છે.

આત્મકથા ઉપરાંત 'પ્રજ્ઞાદીપ છગનભા', 'પ્રગટબ્રહ્મ સ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ' અને 'બ્રહ્મ સ્વરૂપ યોગીજી મહારાજ'ના જીવન ચરિત્રોને સાહિત્યિક સંસ્પર્શ કરાવતાં તે વધુ રસમય બને છે. લેખકે વડોદરાના છાત્રવાસ દરમિયાન ગાંધીજીની 'હિન્દ છોડો ચળવળ'માં અનેક રચનાત્મક કાર્યામાં ઝંપલાવ્યું હતું. આથી સ્વતંત્રતા ચળવળ પ્રત્યે વિશેષ લગાવ રહ્યા છે. જેનો પડઘો તેમણે નવલકથા 'ભવપ્રપંચ' અને 'ડેડ એન્ડ' ઉપરાંત ચરિત્રગ્રંથ 'મહેસાણા–પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો'માં પાડ્યો છે.

પાટણના આ વિદ્યાપુરુષને વંદન.

તા. ૦૧-૦૩-૨૦૧૯
પાટણ.

પ્રોફેસર બી. એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## સેમિનાર










હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેર અંતર્ગત કુલપતિશ્રી પ્રોફેસર બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ "National Seminar on Social thoughts of Dr. B.R. Ambedkar"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિશ્રીએ બાબાસાહેબ આંબેડકરના જીવન–કવન તેમજ ડૉ. બાબાસાહેબને એક ચોક્કસ વર્ગ પૂરતા સિમિત ન બનાવતાં સૌ ભારતીયોના તેઓ આદર્શ નેતા છે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમના સંયોજક ડૉ. જે.એન. બારોટે પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કર્યું હતું. જ્યારે એસ.પી. યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરના સોશીયોલોજી વિભાગના અધ્યક્ષ ડૉ. રમેશ મકવાણા દ્વારા ચાવીરૂપ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. સેમિનારની કમિટીના સભ્યો ડૉ. લલિત પટેલ, ડૉ. કે.કે. પટેલ, ડૉ. કનકબાળા જાની, ડૉ. લીલાબેન સ્વામી, ડૉ. ડી.બી. રાઠવા, ડૉ. પ્રકાશ પરમાર, ડૉ. અરૂણભાઇ મકવાણા, ડૉ. કિર્તીભાઇ જાદવ વગેરેએ જહેમત ઉઠાવી હતી. સમારંભનું સંચાલનશ્રી અશોકભાઇ ત્રિવેદીએ કર્યું હતું.

સેમિનારના બીજા ચરણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની સામાજીક વિચારધારા હેઠળ વિવિધ પાંચ પેનલોમાં સંશોધકો, વિદ્યાર્થીઓ, અધ્યાપકોએ પેપર, લેખ વાંચન કર્યું હતું. પેનલોના ચેરપર્સન ડૉ. જે.યુ. નાણાવટી, ડૉ. સંગીતાબેન પટેલ, ડૉ. ભાનુભાઇ રોહિત, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. લલિતભાઇ પટેલે કિ.–પેપર રજૂ કર્યા હતા. સમગ્ર સેમિનારમાં ૨૦૦ ઉપરાંત સહભાગીઓએ ભાગ લીધો હતો.

## વ્યાખ્યાનમાળા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપક્રમે કુલપતિશ્રી પ્રોફેસર બી.એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ‘‘શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા’’, ‘‘શ્રી ઉમાશંકર જોશી વ્યાખ્યાનમાળા’’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્કૃત સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ડૉ. ગૌતમ પટેલ દ્વારા ‘‘ભારતીય એક્તાનું પ્રતીક : માતા ગંગા’’ વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં ગંગાની ઉત્પતિથી સાંપ્રત સમય સુધીની વિકાસગાથા અને ભારતની હિંદુ, મુસ્લિમ, જૈન વગેરે તમામ ધર્મોની પ્રજાનાં ગંગાપ્રેમને વર્ણવ્યો હતો.’’ ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર અને વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે ‘‘ઉમાશંકર જોશીના ગીતો’’નું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે કુલપતિશ્રી પ્રોફેસર બી.એ. પ્રજાપતિકૃત ‘‘કુલપતિની કલમે’’ ગ્રંથનું વિમોચન ગુજરાતી ભાષા–સાહિત્યના શીલભદ્ર સારસ્વત અને સદર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. બળવંત જાનીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. ડૉ. બળવંત જાનીએ ‘‘કુલપતિશ્રીની કલમે’’ ગ્રંથની વિષય વૈવિધ્યતા, તેમાં પ્રગટ થતાં અભ્યાસપૂર્ણ લેખો, તેની ભાષાશૈલી વગેરેની છણાવટ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કનકબાળા જાની દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આભારવિધિ સુરેન્દ્રભાઇ રાવલે કરી હતી.

## વ્યાખ્યાનમાળા












# વ્યાખ્યાનમાળા





















# કૉલેજ ન્યુઝ

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

✻ તા. ૦૨–૦૧–૨૦૧૯ના રોજ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ.ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં ભારતના ચૂંટણી પંચ દ્વારા પ્રેરિત મતદાર જાગૃતિ અભિયાન અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા. ૩, ૪, ૫ જાન્યુઆરી, ૨૦૧૯ દરમ્યાન યોગાસન તાલીમ શિબિર યોજાઇ હતી. આ પ્રસંગે લકુલીશ યોગ યુનિ. અમદાવાદના કુલપતિશ્રી ડૉ. ચંદનસિંહજી ઝાલાએ વક્તવ્ય આપ્યું હતું.

✻ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગર ખાતે તા. ૨૨–૧૨–૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતીના અનુસંધાને નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે સિધ્ધરાજ આર. પરમાર, બીજા ક્રમે રીટાબેન કે. સેનમા અને ત્રીજા ક્રમે સ્મિત એન. પટેલ વિજેતા બન્યા હતા.

✻ તા. ૨૬–૧૨–૨૦૧૮ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ડૉ. બાબાસાહેબ આંબેડકર અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર) દ્વારા નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમે સિધ્ધરાજ આર. પરમાર અને બીજા ક્રમે રીટાબેન કે. સેનમા વિજેતા થયા હતા.

✻ તા. ૦૩–૦૧–૨૦૧૯ના રોજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પ્રિતી જી. પટેલ, દ્વિતીય ક્રમે મનીષા એન. ઠાકોર અને તૃતીય ક્રમે નેહલ એસ. સેનમા વિજેતા થયા હતા.

✻ સાવિત્રીબાઇ ફૂલેની જન્મજયંતી તા. ૩ જાન્યુ, ૨૦૧૯ના રોજ ઉજવવામાં આવી. જેમાં ભારતની સૌ પ્રથમ મહિલા શિક્ષિકાના પ્રદાનને ઉજાગર કર્યું હતું.

✻ તા. ૨૯–૦૧–૨૦૧૯ના રોજ સરકારશ્રી દ્વારા યોજાયેલ પરીક્ષા પે ચર્ચા ૨.૦નું પ્રસારણ નિહાળવામાં આવ્યું. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પરીક્ષાને લગતા વિવિધ વિષયોની છણાવટ અને પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી.

✻ તા. ૨૫–૦૧–૨૦૧૯ના રોજ પ્લેસમેન્ટ ટ્રેનિંગ યોજવામાં આવેલ. જેમાં પ્લેસમેન્ટ ફેરમાં કે.સી.જી.ના માન્ય કોર્પોરેટર ટ્રેનરશ્રી પરેશભાઇ ભટ્ટે કોર્પોરેટ ક્ષેત્રમાં નોકરી કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે ? તે વિષયક ઇન્ટરવ્યુ ફેસ સ્કિલ, ભાષાની અભિવ્યક્તિ, ઇન્ટરવ્યુમાં ડ્રેસિંગ–એડ્રેસિંગ, રિઝ્યુમ, ગ્રુપ ડિસ્કશન વગેરે તમામ બાબતે ટ્રેનિંગ આપી હતી.

✻ તા. ૨૫–૦૧–૨૦૧૯ના રોજ વિસનગરના સેવાભાવી તબીબ અને શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ વિસનગરના ભુતપૂર્વ પ્રમુખ સ્વ. ડૉ. મોતીભાઇ ચૌધરીની પૂણ્યતિથી ઉજવવામાં આવી હતી.

✻ રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા વિસનગર તાલુકાના ઇયાસરા મુકામે તા. ૧૭–૦૧–૨૦૧૯ થી તા. ૨૩–૦૧–૨૦૧૯ દરમિયાન ગ્રામચેતના અને ગ્રમોસ્થાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન શૌચાલય જાગૃતિ, આધ્યાત્મિક શિબિરો, સામાજિક આર્થિક મોજણી, ગ્રાહક જાગૃતિ શિબિર, મહિલા સશક્તિકરણ, રોટરી કલબ દ્વારા માનવ ચિકિત્સા કેમ્પ, વ્યસનમુક્તિ, પશુ ચિકિત્સા જેવા વિષયોને પ્રાધાન્યતા આપવામાં આવી હતી.

# ગ્રંથદર્શન




| | | |
|---|---|---|
| **શીર્ષક** | : | કુલપતિની કલમે : આદિવચન સંગ્રહ |
| **લેખક** | : | પ્રોફેસર બી.એ. પ્રજાપતિ |
| **પ્રકાશન** | : | પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૮. |
| **પૃષ્ઠ** | : | xii, ૩૪૮ |
| **કિંમત** | : | રૂા. ૪૫૦/– |
| **ISBN** | : | 978-93-5108-936-0 |

કુલપતિશ્રી પ્રોફેસર બી.એ. પ્રજાપતિ સાહેબ ભારતના પ્રતિભા–સંપન્ન કુલપતિશ્રીઓ પૈકીના એક છે. સાહેબશ્રી ૨૦૦૬–૨૦૦૭માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં કુલપતિ–ઉપકુલપતિ, ૨૦૦૮–૨૦૧૧માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં કુલપતિ–ઉપકુલપતિ તરીકે અને પુનઃ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬થી કુલપતિપદને શોભાવી રહ્યા છે. કુલપતિના નાતે તેમણે આ બંને યુનિવર્સિટીઓના વૃત્તપત્રો ‘ઉદીચ્ય’ અને ‘દક્ષિણાયન’માં અનુક્રમે ‘આદિવચન’ અને ‘દીપે અરુણું પરભાત’ મથાળા હેઠળ શિક્ષણને સ્પર્શતિ વિવિધ બાબતોની ચિંતા અને ચિંતનને સ્થાન આપ્યું છે. આ લેખો પૈકી ‘‘આદિવચન’’માં પ્રકાશિત લેખોને ‘કુલપતિની કલમે’ મથાળા હેઠળ ગ્રંથસ્થ કર્યા છે.

સદર ગ્રંથનું વિમોચન ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સદર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી અને ગુજરાતના મૂર્ધન્ય સર્જક ડૉ. બળવંત જાનીના વરદ્‌હસ્તે, સંસ્કૃત ભાષા–સાહિત્યના ગૌરવશિખર રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ડૉ. ગૌતમ પટેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ કુલપતિશ્રી અને ગુજરાતી સાહિત્યના સારસ્વત ડૉ. દક્ષેશ ઠાકર, સંસ્કૃત સાહિત્યક્ષેત્રે રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ડૉ. મણિભાઇ પ્રજાપતિ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિશ્રી ડૉ. ચંદ્રકાંત ત્રિવેદીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

સદર ગ્રંથમાં કુલ ૭૧ લેખો છે, જેને આર્થિક વિકાસ નીતિ–૩, ઇન્ફર્મેશન ટેક્નોલોજી–૨, ઉચ્ચ શિક્ષણ–૨૨, ઉચ્ચ શિક્ષણમાં સરકારનું યોગદાન–૫, ગ્રંથ સંસ્કૃતિ–૩, જૈન ધર્મ–દર્શન–૬, શીખ ધર્મ–દર્શન–૧, હિંદુ ધર્મ–દર્શન–૬, ભાષા સાહિત્ય–૬, મહાપુરુષના જીવનચરિત્રો–૧૧, મહિલા સશક્તિકરણ–૧, પ્રકીર્ણ–૫માં વર્ગીકૃત

કરવામાં આવ્યા છે. ઉચ્ચ શિક્ષણ વિષયક લેખોમાં ઉચ્ચ શિક્ષણના પ્રશ્નો, પડકારો, શિક્ષણનું માળખું, વિશ્વની સંસ્કૃતિઓ અને ભારતીય શિક્ષણ પ્રણાલી, ઔદ્યોગિક ક્રાંતિની શિક્ષણ ઉપર અસરો, શિક્ષણના ધ્યેયો અને ઈગર્વનન્સ વગેરે બાબતોને વાચા આપી છે. ઉચ્ચ શિક્ષણમાં સરકારના યોગદાનમાં પંચવર્ષીય યોજનાઓ, યુનેસ્કો અને રાષ્ટ્રીય જ્ઞાન આયોગની ભલામણોના સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. ઔદ્યોગિક ક્રાંતિ, વર્લ્ડ ઈકોનોમિક ફોરમ, ભારત અને ચીનનો તુલનાત્મક વૈશ્વિક વિકાસ, ટેક્નોલોજિકલ ક્રાંતિનો સામનો કરવા વિશ્વ વિદ્યાલયોએ કેળવવી પડતી સજ્જતા, નાસકોમ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજીને ઉજાગર કર્યા છે. જેમાં યુનિવર્સિટીઓએ વૈશ્વિક સ્તરે કાઠું કાઢવું હોય, વિશ્વના બજારમાં ટકી રહેવું હોય તો સંકીર્ણતાનો સમૂળગો ત્યાગ કરી વ્યાપક વિચારસરણીને આત્મસાત કરવા ઉપર ભાર મૂક્યો છે.

ગ્રંથકર્તાનો ૩૬ વર્ષનો શૈક્ષણિક કાર્યનો બહોળો અનુભવ, ૫૦ થી વધુ વિદ્યાર્થીઓને આપેલું પીએચ.ડી. સંશોધનકાર્યમાં માર્ગદર્શન, દેશની ખ્યાતિપ્રાપ્ત યુનિવર્સિટીઓ, સંસ્થાઓ, રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સ્તરના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોમાં આપેલા ચાવીરૂપ વ્યાખ્યાનો, એનએએસી સમિતિના ચેરમેન–સભ્ય તરીકે વિવિધ રાજ્યોની ૧૦૦થી વધુ કોલેજો–યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન, ભારત સરકારના નાણાંમંત્રાલયના પ્રતિનિધિ તરીકે મહેસાણા–બનાસકાંઠા (દેના ગુજરાત) ગ્રામીણ બેન્કમાં ડાયરેક્ટર, ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ફોર ટેકનીકલ એજ્યુકેશનના પ્રતિનિધિ તરીકે ગુજરાત રાજ્યની પ્રાઈવેટ શૈક્ષણિક સંસ્થાઓની ફી નિર્ધારણ સમિતિમાં કામગીરી, વેસ્ટર્ન ઈન્ડિયાના રીજીયોનલ કો–ઓર્ડીનેટર, ભારત દેશની મેનેજમેન્ટની એપેક્ષ સંસ્થા એસોસીએશન ઓફ ઈન્ડિયન મેનેજમેન્ટ સ્કૂલના કારોબારી સભ્ય, યુજીસીની "Guidelines for Learning Outcomes Based Curriculum" ની કોમર્સ વિદ્યાશાખાની સમિતિમાં ચેરમેન, ગુજરાતની કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગુજરાત લૉ સોસાયટી યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગર્વનન્સમાં મહત્ત્વનું યોગદાન, ગુજરાત યુનિવર્સિટી, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કુલપતિશ્રીની નિયુક્તિ માટેની સર્ચ સમિતિમાં સક્રિય કામગીરી આ બધાના કારણે વહીવટીય અને શૈક્ષણિક બંનેના વિશાળ અનુભવ ભાથાના લીધે તેમના લેખોમાં એક પ્રકારના ઊંડાણનો અનુભવ થાય છે.

સાહેબશ્રીએ શિક્ષણનો અર્થ માત્ર વર્ગખંડો–અભ્યાસક્રમ, શિક્ષણના પ્રશ્નો–પડકારો–સમાધાનો વગેરે પૂરતો મર્યાદિત ન કરતાં તેનાં સર્વાંગીપણાનો સ્વીકાર કર્યો છે. જેનો પડઘો આપણને ઉપર વર્ણવેલા વૈવિધ્યસભર વિષયોમાં દ્દષ્ટવ્ય થાય છે. જૈન–બૌધ્ધ–શીખ–હિંદુ ધર્મ–દર્શન અંતર્ગત વેદ–વેદાંત, વિવિધ ઉપનિષદો અને તેમાં પ્રગટ થતું તત્વચિંતન અને શિક્ષણ પ્રત્યેની નિસ્બત, બ્રહ્મવિદ્યા, આત્મ–સાક્ષાત્કાર, અપરા–પરા વિદ્યા વચ્ચેનો ભેદ, આત્મજ્યોતિ, યમરાજ અને નચિકેતાના પ્રસંગો, હેમચંદ્રાચાર્યની સાહિત્ય સાધના, તત્વાર્થ સૂત્ર, શ્રમણ–બૌધ્ધ પરંપરામાં શિક્ષણ, જૈન વિશ્વકોશ, શ્રીમદ્ રાજચંદ્રનો ગાંધીજીના જીવન ઉપર પડેલો પ્રભાવ, વિશ્વ અહિંસા દિવસ, જપુજીના માધ્યમથી જપનું મહત્ત્વ, બીએપીએસ સંસ્થાના ભદ્રેશ સ્વામીકૃત ‘‘પ્રસ્થાનત્રયી’’ ગ્રંથનું માહાત્મય, શ્રીમદ્ ભગવદ્‌ગીતા અને કેપેસીટી બિલ્ડીંગ વગેરેને ઉજાગર કર્યા છે. આ લેખોમાં આપણી ગુરુકુળ–ઋષીકુળ પરંપરાને જીવંત બનાવી છે. શિક્ષણની મુખ્ય ત્રણ ધારાઓ વિજ્ઞાન, સમાજવિજ્ઞાન અને અધ્યાત્મવિદ્યા પૈકી આજની શિક્ષણ પ્રણાલીમાં માત્ર બે જ વિદ્યાઓ વિજ્ઞાન અને સમાજવિજ્ઞાનને જ પ્રાધાન્યતા આપવામાં આવે છે. અધ્યાત્મવિદ્યાનો સદંતર લોપ કરી દેવામાં આવ્યો છે. જ્યારે ઋષીકુળ પરંપરામાં અધ્યાત્મવિદ્યા–બ્રહ્મવિદ્યા–યોગવિદ્યા સંનિહિત છે. આ કારણે જ આપણી ઋષીકુળ પરંપરા પરિપૂર્ણ છે અને વિશ્વ પ્રસિધ્ધ રહી છે, જેનાથી આર્કષાઈને દેશ–વિદેશમાંથી લોકો તેની મુલાકાતે આવ્યાના ઐતિહાસિક–દસ્તાવેજિક પૂરાવાઓ છે.

લેખકશ્રી સ્વયં કોમર્સ વિદ્યાશાખાના તજજ્ઞ છે. આમ છતાં ભારતીય ધર્મ–દર્શન ઉપર તેમનું ગહન ચિંતન રહ્યું છે. આર્ષગ્રંથો પ્રત્યે તેમનું મમત્વ, તેના ગૂઢાર્થને પામવાની જીજીવિષા અને શ્રધ્ધાભાવનાના દર્શન તો થાય જ છે પરંતુ આજની નવી પેઢી પશ્ચિમી સંસ્કૃતિથી વિશેષ પ્રભાવિત છે ત્યારે ભારતીય સંસ્કૃતિની મહત્તા પ્રસ્થાપિત કરતું તેમનું આ સર્જકત્વ આપણી આંખો ઉઘાડી નાંખે છે.

મા, માતૃભાષા અને માતૃભૂમિ એ પ્રત્યેક વ્યક્તિના જીવનની આધારશિલા છે. ત્રણેયથી પોષાયેલો માનવી તેજોમય બને છે. સાહેબશ્રી આ બાબતથી સુપેરે પરિચિત છે. આથી જ તેમણે તેમના લેખોમાં ભાષા–સાહિત્યને આગવું સ્થાન આપ્યું છે. ગુજરાતની અસ્મિતા અને પાટણ, ગુજરાતી ભાષા સાહિત્ય, માતૃભાષા, જ્ઞાન શક્તિનો ચિરંજીવી વિકાસ લેખોમાં માતૃભાષા ગુજરાતીનું ધાવણ ધાઈને પુષ્ટ થયેલી આપણી સાહિત્ય વિરાસતને દ્દષ્ટવ્ય બનાવી છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ મા, માતૃભાષા અને માતૃભૂમિની મહત્તાને પીછાણી હતી. આથી જ આઝાદીની ચળવળના કેન્દ્રબિંદુ તરીકે અમદાવાદ ઉપર પસંદગી ઉતારી. તેમના સર્જનની ભાષાપણ પ્રાયઃ માતૃભાષા–ગુજરાતી જ રહી છે. ગુજરાતની અસ્મિતાના કર્ણધાર, રાજવી–પ્રજા ઉભય પક્ષના સંસ્કાર વારસાના પ્રહરી, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના યોગદાનને પૂર્ણભક્તિભાવ સાથે આલેખ્યા છે.

વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ‘‘વિશ્વ કોશ ટ્રસ્ટ’’ની વિકાસગાથા તેમાં ઉત્તર ગુજરાતના મહાનુભાવો ધીરૂભાઈ અને સાંકળચંદ સાહેબનું યોગદાન, પદ્મશ્રી કુમારપાળ દેસાઈની કર્તવ્યનિષ્ઠાના દર્શન કરાવ્યા છે. (આ લેખને ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ‘વિશ્વ વિહાર’માં પ્રકાશિત કરવામાં આવ્યો છે.)

આ બધા લેખોની સાથે જો કોઈ ઉડીને આંખે વળગે તેવી બાબત હોય તો તે ‘‘યુનિવર્સિટીની વિકાસ ગાથામાં એસ.કે. ટ્રસ્ટનું યોગદાન’’. ૧૭ મે, ૧૯૮૬ના રોજ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી અને તેના વડામથક તરીકે ઐતિહાસિક વિરાસત ધરાવતી પાટણ નગરીને તેનું વડુમથક બનાવવામાં આવ્યું.

પાટણને વિદ્યાકેન્દ્ર તરીકે પ્રતિષ્ઠિત કરવા માટે કુલપતિશ્રી દ્વારા વિવિધ વિદ્યાશાખાના વિદ્વાનોને યુનિવર્સિટીમાં જોડાવા આમંત્રણ આપવામાં આવતા હતા. પ્રોફેસર બી.એ. પ્રજાપતિ સાહેબને આગ્રહભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું. પ્રજાપતિ સાહેબની વિદ્યાપ્રીતિ, વિદ્યાર્થી વત્સલતા, કુશળ અને પારદર્શક વહીવટથી પ્રભાવિત થઈને એસ.કે. ટ્રસ્ટ દ્વારા મેનેજમેન્ટ વિભાગ, બી.બી.એ. વિભાગ અને કન્વેન્સન હોલના નિર્માણ માટે માતલબર દાન આપવામાં આવ્યું છે. ટ્રસ્ટના દાનના પ્રવાહની ગાથા ખૂબ જ રોમાંચક અને

પ્રેરણાદાયી છે. એક અધ્યાપકના અધ્યાપકત્વના ગૌરવ શિખરનું આ જીવંત અને તાદ્રશ્ય ઉદાહરણ છે.

પ્રત્યેક લેખનો ઉઘાડ મહાનુભાવો, ગ્રંથોના કવટિશનથી કરવામાં આવ્યો છે. લેખના અંતે પણ જ્યાં જગ્યા મળી ત્યાં મહાપુરુષોના વિચારોનો સમાવેશ કર્યો છે.

ગ્રંથના અંત ભાગમાં વિષયસૂચિ અને ચિંતકોની વિચારસૂચિ વર્ણાનુક્રમમાં આપવામાં આવી છે. અનુક્રમણિકામાં પણ વિષયો–પેટા વિષયો વર્ણાનુક્રમે છે. આમ સમગ્રતયા ગ્રંથ શાસ્ત્રીય છે. પુસ્તકનું શીર્ષક ''કુલપતિને કલમે'' યથાર્થ છે. ગ્રંથનું નયનરમ્ય મુખપૃષ્ઠ અને સુદ્રઢ બાંધણીના કારણે ગ્રંથ આકર્ષક દેખાય છે.

ગ્રંથના અંતિમ ચરણમાં ''પ્રોફે. બી.એ. પ્રજાપતિ : પરિચય'' શીર્ષક હેઠળ લેખકના જીવન–કવનને વર્ણવ્યું છે. કેટકેટલા ક્ષેત્રે સાહેબનું પ્રદાન રહ્યું છે ! લેખકશ્રી ૧૯૯૬માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જોડાયા. (યુનિવર્સિટીની પ્રાયઃ મહત્ત્વની તમામ સમિતિનાં સક્રિય ભૂમિકા ભજવી અને તેમના સાતત્યપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ યોગદાનના લીધે જ યુનિવર્સિટી 'એ–ગ્રેડ' મેળવવા સહભાગી નીવડી એમ કહું તો પણ અતિશયોક્તિ નહીં ગણાય.) આમ છતાં ઘણા ઓછા લોકોને ખબર હશે કે તેમનું ઔદ્યોગિક ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન છે. હું પણ ૧૯૯૬થી સદર યુનિવર્સિટીમાં જોડાઇ છું. મને પણ ગ્રંથ વાચન બાદ જ ખ્યાલ આવ્યો કે તેઓશ્રી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા; ગુજરાત ઈન્ડિસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ, વડોદરા; ગુજરાત સ્ટેટ પેટ્રોલલિયમ કોર્પોરેશન (એલ.એ.જી.) લિમિટેડ, ગાંધીનગરમાં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે સેવાઓ આપી રહ્યાં છે.

All India Level Best case writer Award by Association of Indian Management Schools, New Delhi, Guru Drawnachrya Award by Indian Council of Social Welfare, New Delhi અને એન.સી.સી.ના માનદ્ કર્નલની ઉપાધીથી ગૌરવાન્વિત તેમની યાત્રા સૌના માટે Role Model બની રહે તેવી બળકટ છે. સદર ગ્રંથનું વાંચન આપણને કંઇક વિશેષ પામ્યાનો સંતોષ કરાવે છે. (ડૉ. બળવંત જાનીએ સદર ગ્રંથ વાચનથી પ્રભાવિત થતાં તેમણે ગ્રંથના ઉદ્ઘાટન પ્રસંગમાં તેમના વકતવ્યમાં કુલપતિશ્રી પ્રોફેસર બી.એ. પ્રજાપતિ સાહેબને ''કટાર લેખન'' લખવા આત્મિયતાપૂર્વક જણાવ્યું હતું.)

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઈબ્રેરિયન**

## 'ઉદીચ્ય' પાક્ષિકની વિગત

ફોર્મ નં. ૪ (અધિનિયમ–૮)

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું નામ | : | 'ઉદીચ્ય' (ગુજરાતી) |
| ૨. સામયિકતા | : | પાક્ષિક |
| ૩. તંત્રી | : | ડૉ. કનકબાળા જાની |
| પ્રકાશક | : | ડૉ. ડી. એમ. પટેલ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામું | : | યુનિવર્સિટી ગ્રંથપાલ<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી<br>ગ્રંથાલય, યુનિવર્સિટી રોડ,<br>પાટણ – ૩૮૪૨૬૫ |
| ૪. માલિક | : | કુલસચિવ<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,<br>યુનિવર્સિટી રોડ, પાટણ – ૩૮૪૨૬૫ |

હું ડૉ. કનકબાળા જાની કા. યુનિવર્સિટી ગ્રંથપાલ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ આથી એકરાર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સહી
**(ડૉ. કનકબાળા જાની)**
કા. યુનિવર્સિટી ગ્રંથપાલ

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) 'ઉદીચ્ય'માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઈબ્રેરિયન**
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
E-Mail : udichyahngu@gmail.com

## સબરસ

શિક્ષક : પાકિસ્તાન સીમા ઉપર ગોળીબાર કરે તો શું કરવું ?
વિદ્યાર્થી : ઈ ઉપાધી સીમાની મમ્મી કરશે તમે ભણાવવામાં ધ્યાન રાખો.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917
E-mail : udichyahngu@gmail.com • Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.